ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૫-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

ગુજરાત હવે પરીક્ષાના પરિણામમાં પણ 'નંબર વન'

છેલ્લા ત્રેવીસ વર્ષમાં સૌથી વધુ સારૂં પરીક્ષા- પરિણામ મેળવી બાર સાયંસની પરીક્ષામાં પણ ગુજરાત કદાચ દેશભરમાં નંબર વન પોઝિષન પર પહોંચી ગયું છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા અને વસુબેન ત્રિવેદીએ આવી વિશિષ્ટ સિદ્ધિ બદલ રાજી થવું જોઈએ અને મુખ્યમંત્રીની નંબરવન દોડમાં શિક્ષણક્ષેત્રને પણ સામેલ કરવાનો જશ ખાટવો જોઈએ. બહુ આકરી ગણાતી સાયંસ સ્ટ્રીમમાં માંડ ૬૦ ટકા જેવું પરિણામ મળતું એ કોઈથી અજાણ્યું નથી. ગયે વર્ષે ૧૨ વિજ્ઞાનનું પરિણામ ૬૭.૭૦ ટકા આવ્યું હતું. જેની સરખામણએ ચાલુ વર્ષે ૨૪.૮૩ ટકા જેટલું ઊંચું પરિણામ મળ્યું છે એમાં સેમિસ્ટર પદ્ધતિ જવાબદાર હોવાનું જણાવાયું છે. ઊંચા પરિણામથી આપણે હરખાવું જ રહ્યું. કયા વાલીને એના સંતાનની પ્રગતિથી હરખની હેલી ન ચડે? પુત્રતા શિષ્યાત્ ઈચ્છેત પરાજયતમ્ ! હવેના વિદ્યાર્થીઓ અગાઉના એમના પૂર્વજોની સરખામણીમાં ઘણા વધારે તેજસ્વી બની ગયા છે. એ પરસન્ટેજ અને પરસેન્ટાઈલના હેવાયા પણ કેવા! નેવું ઉપર તો હજારોની સંખ્યા મળે. આપણા વિશ્વ વિખ્યાત મુખ્યમંત્રી એમના સમયના એવરેજ વિદ્યાર્થી હતા. એમને ફાઈવ સ્ટાર શાળામાં ભણવાની તક નહીં મળેલી અને ટકા પણ બહુ માપના જ આવ્યા હશે. પરંતુ 'નંબર વન' મુખ્યમંત્રીના રાજમાં શિક્ષણક્ષેત્રે જે ફુગાવો આવ્યો તે ઐતિહાસિક ઘટના છે. અનેક જાતની દુનિયાભરની શાળાઓ-મહાશાળાઓ ખૂલી ગઈ. સરસ્વતી દેવીએ એમની મોટી બહેન લક્ષ્મીનાં વસ્ત્રો ધારણ કરી લીધાં. રાતોરાત ગુજરાત વિશ્વનું ધમધમતું વિદ્યા બજાર બની રહ્યું. આ વિદ્યાબજારમાં ટકી રહેવા માગતા નવા સાહસવીરોની વહારે ધાવાની સરકારશ્રીની પવિત્ર ફરજ ગણાય. એટલે બાર સાયંસનું પરિણામ ઊંચુ આપવું જ પડે. એ સિવાય આટલી બધી ખાનગી સ્વનિર્ભર નૉલેજ- ફેકટરીઓ નભી જ કઈ રીતે શકે? માની લો કે આ મીઠી મજાક છે. પરંતુ મજાકમાં પણ ક્યાંક ઊંડે ઊંડે થોડુંક સત્ય ડૂસકાં લેતું રહે છે, એટલું તો કબૂલશો ને? સૌથી વધુ હરખાવાની વાત એ કે આપણી ગરવી ગૂર્જરકન્યાઓ તમામ સ્તરે એમની ક્ષમતાનો પરચો બતાવતી વરતાય છે. બાર સાયંસમાં પણ એમનો જ દબદબો રહ્યો છે. પાટણનું પરિણામ સૌથી ઊંચું, એમાંય પાછું સિદ્ધપુર કેન્દ્રનું તો સો એ સો ટકા સુમ અને લુમ સરસ્વતી સજીવન થઈ ગઈ, એ સિવાય આ શકય ખરું? સિદ્ધપુરમાં સરસ્વતીને જીવતી કરવાનો પ્રશંસનીય પ્રયાસ જયનારાયણના જમાનામાં થયો હતો; એમાં અલબત્ત, દાનત એટલી ચોખ્ખી નહોતી એટલે બારે માસ વહેતી કરવાને બદલે એક તળાવડું બનાવી એને એના કિસ્મત પર છોડી દેવાયેલી. પરંતુ સિદ્ધપુરમાં સો ટકા પરિણામ એ તો સરસ્વતીનું જ વરદાન. મીઠાપુર એ દ્વારકાનું પ્રવેશ દ્વાર. ત્યાં પણ સો ટકા પરિણામ આવ્યું છે. પરંતુ ખરી કસોટી તો ડાંગ કહેતાં દંડકારણ્યમાં જ થતી રહી છે. અહીં સુધી સરસ્વતી પહોંચે ત્યારે આપણને આપણી પીઠ થાબડવાનો સાચો હક સાંપડે. ડાંગએ આદિજાતિના વનવાસીઓનો મુલક છે. બાર સાયંસમાં જે દિવસે ડાંગની બાળા ઝળકશે તે દિવસે ગુજરાતને વિજ્ઞાક્ષેત્રે વિશ્વકક્ષાની સિદ્ધિ પ્રાપ્ત થઈ ગણાશે. ગાંધીનગર ગુજરાતની રાજધાની છે. આવડા મોટા ફલક પર ફકત એક ચૌધરી કન્યા એ વન ગ્રેડ લાવી શકી છે. એક ખેડૂત પરિવારની દીકરી વગર ટયૂશને આ સિદ્ધિ હાંસલ કરતી હોય ત્યારે એને બિરદાવવી જ પડે. 'અઢળક ઢળિયો રે શામળિયો'-ન્યાયે બાર સાયંસનાં

નિર્દોષ બાળકો પર વહાલ વરસાવી ઉદાર પરિણામ આપનાર હાયર સેકન્ડરી એકઝામિનેશન બોર્ડને તથા રાજય સરકારને પણ સફળ થયેલા પરીક્ષાર્થીઓ સાથે હાર્દિક અભિનંદન.

એસ.બી. પટેલ કન્યા શાળા સે-૨૩

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ

● ગ્રૂપ-બી
પૂજા સોની - ૯૬.૦૮ ટકા
પ્રિયા સોની - ૯૫.૯૨ ટકા
બીરવા પટેલ - ૯૫.૨૫ ટકા

● ગ્રૂપ-એ
નિષા પટેલ - ૮૮.૬૮ ટકા
અંકિતા પટેલ - ૮૨.૫૪ ટકા
યાત્રી પટેલ - ૮૧.૬૫ ટકા

ગુજકેટ-૨૦૧૩ની આન્સર કી બોર્ડની વેબસાઈટ પર મુકાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ વડોદરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૯મી મે-૨૦૧૩ના રોજ બોર્ડ દ્વારા યોજાયેલી ગુજકેટ-૨૦૧૩ પરીક્ષાની આન્સર કી (જવાબવહી) બોર્ડની વેબ સાઈટ www.gseb.org પર મુકવામાં આવેલ છે. જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

ગુજરત યુનિવર્સિટીની પી.જી. મેડિકલમાં પ્રવેશનીતિ નક્કી નથી

યુનિ.ના સત્તાવાળા નીટનું પરિણામ જાહેર થાય પછી શું કરવું તે નક્કી થશે તેવું કહી રહ્યા છે

અમદાવાદ, તા. ૧૪

પોસ્ટ ગ્રેજયુએશનમાં મેડિકલમાં પ્રવેશ માટે નેશનલ કોમના એન્ટ્રસ ટેસ્ટ (નીટ) સમગ્ર દેશમાં લેવામાં આવી હતી. એમસીઆઈ એ નીટ દ્વારાજ એડમશીન કરવાની સુચના આપી હતી. જેના વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં રીટ કરવામાં આવી હતી. સૂપ્રીમ કોર્ટનો રીટના મુદ્દે સોમવારે ચુકાદો આવી ગય છે ચુકાદા મુજબ જે રાજયમાં નીટ સિવાય બીજી કોઈ પરીક્ષા લેવામાં ન આવી હોય ત્યાં નીટના આધારે જ પ્રવેશ આપવો ગુજરાતમાં નીટ સિવાય બીજી પરીક્ષા લેવામાં નથી આવી ત્યારે નીટના આધારેજ પ્રવેશ કરવો પડે તેમ છે. ગુજરાત યુનિ. દ્વારા હજુ સુધી નીટના પ્રવેશ માટે કોઈ પોલીસી નક્કી કરી નથી તેવું જાણવા મળી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે એમસીઆઈ દ્વારા આખા દેશમાં નીટની પરીક્ષા લેવામાં આવી હતી આનીટના મામલે વિદ્યાર્થીઓ અને કોલેજો દ્વારા સુપ્રીમ માં રીટ કરવામાં આવી હતી. સુપ્રીમમાં કરાયેલ રીટનો વચગાળાનો ચુકાદો સોમવારે આવી ગયો છે. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે રાજયમાં નીટ સિવાય બીજી કોઈ પરીક્ષા લેવાય નથી તે રાજયમાં નીટના આધારે જ પ્રવેશ આપવો.

સૂત્રો મુજબ ગુજરાતમાં પી.જી. મેડીકલ પ્રવેશ માટે નીટ સિવાય બીજી કોઈ પરીક્ષા લેવામાં આવી નથી. ગુજરાતમાં પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે નીટ દ્વારા પેવેશ પ્રક્રિયા કરવી પડે તેમ છે. ત્યારે ગુજરાત યુનિ. દ્વારા તેની કોઈ પોલીસી નક્કી કરી નથી તેમ જણાવ્યું છે.

ગુજરાતમાં પી.જી. મેડીકલ ૪૫૦ બેઠકો છે. આ બેઠકોમાંથી રાજકય કોટા અને ઓલ ઈન્ડિયા ઘોટઊાની બેઠકો અલગ ચારવી પડશે સ્ટેટ કોટામાં એમબીબીએસના માર્ક ગણવા કે નહિ તેની યુનિ. દ્વારા કોઈ જાહેરરાત કરવામાં આવી નથી.

ગુજરાતા વીદ્યાર્થીઓ નીટમાં એમબીબીએસના માર્ક ગણાયતેવી માંગણી કરી રહ્યાછે પરંતુ ગુજરાત યુનિ. દ્વારા નીટ મામલે કોઈ પોલીસ નક્કી કરી તે અંગે નિર્ણય કર્યો નથી સૂત્રો મુજબ યુનિ. સત્તાવાળા નીટનું પરિણામ જાહેર થાય ત્યારબાદ આ અંગે નક્કી થશે તેવું કહી રહ્યા છે.

અખાત્રીજે, એક દિવસમાં ૫૦૦ કિલો સોનુ વેચાયું... અને તે દસ ગ્રામ જ લીધું એમાં આટલી દૂ:ખી ન થવાય..! પ્લીઝ...

ઇજનેરીમાં પ્રવેશ માટે ૨૨મી મેથી ઓનલાઇન ફોર્મ ભરાશે

તા. ૨૦થી ૧ જુન સુધી પંજાબ નેશનલ બેંકમાં ૩૫૦ રૂા. ભરવાથી માહિતી મુકલેટ મળી શકશે

અમદાવાદ, તા. ૧૪

ધોરણ ૧૨ના પરિણામ બાદ ઈજનેરીમાં પ્રવેશ માટે તેની માહિતી માટે બુકલેટનું વિતરણ આગદામી ૨૦ તારીખથી શરૂ કરવામાં આવશે ત્યારબાદ ૨૨મી મેથી વિદ્યાર્થીઓ ઈજનેરીમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

પ્રામ સૂત્રો અનુસાર ધોરણ-૧૨નું પરિણામ સોમવારે જાહેર કરી દેવામાં આવ્યું છે. વિક્રમ જનક પરિણામ આવતા ઈજનેરીમાં પ્રવેશ માટે મોટો ધસારો રહેશે તેમ જણાતુ હતું પરંતુ ઈજનેરીમાં પ્રવેશ માટે તેના નિયમો અંગે કોઈ માહિતી કે બુકલેટ જાહેર કરવામાં આવી ન હોવાથી વિદ્યાર્થીઓ મુજબ અનુભવી રહ્યા હતા.

ઈજનેરીમાં પ્રવેશ માટે તેની માહિતી મળી રહે તે માટે ઈજનેરીની પ્રવેશ સમિતિ દ્વારા આજે જાહેરાત કર્યા મુજબ આગામી તા. ૨૦મી મેથી ૧ જૂન સુધી પંજાબ નેશનલ બેંકમાં ૩૫૦ રૂા. જમા કરાવવાથી ઈજનેરીમાં પ્રવેશ માટે માહિતીની બુકલેટ મળી શકશે.

૨૦મી તારીખથી બુકલેટનું વેચાણ શરૂ કર્યા બાદ ૨૨મી મેથી ૩ જૂન સુધી વિદ્યાર્થીઓ ઈજનેરીમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

સુત્રો મુજબ ઈજનેરીમાં પ્રવેશ માટે ધો.૧૨ના પરિણામ જાહેર થવા છતા કોઈ નિયમો કે માહિતી જાહેર કરવામાં આવી ન હતી. પ્રવેશ સમિતિના પ્રવેશના નિયમો નક્કી હોવા છતા તેના આખરી મંજુરી મળી ન હોવાથી પ્રવેશના નિયમો જાહેર કરી શકાયા ન હતા. પ્રવેશ સમિતિના કમિશ્નર નવા આપ્યા હોવાથી તે પ્રવેશના નિયમોનો અભ્યાસ કરી રહ્યા હતા માટે કમિશ્નર આખરી મંજુરી આવે પછી નિયમો જાહેર કરી શકાય તેમ હતુ. સુત્રો મુજબ આ વર્ષે ઈજનેરીમાં કુલ અંદાજે ૬૫૦૦૦ જેટલી બેઠકો છે, ગયા વર્ષે અંદાજે ૧૦,૦૦૦થી વધુ બેઠકો ખાલી પડી હતી.

જિલ્લા તરણ સ્પર્ધાના વિજેતાઓ સ્ટેટ લેવલે રમશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસિએશન દ્વારા તાજેતરમાં જિલ્લા તરણ સ્પર્ધા-૨૦૧૩ સેક્ટર-૧૯ જીમખાના સ્વીમીંગ પુલ ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓ આગામી ૧૮ અને ૧૯મીએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

જિલ્લા સ્વીમીંગ સ્પર્ધા-૨૦૧૩માં ૩૧ જેટલા તરણવીરોએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૪ જેટલા સ્પર્ધકો અમદાવાદમાં ૧૮ અને ૧૯મી મે ૨૦૧૩ના રોજ યોજાનાર જુનિયર તેમજ સબ જુનિયર ગુજરાત સ્ટેટ એક્વેટીક ચેમ્પીયનશીપ-૨૦૧૩માં ભાગ લેવા જશે. જિલ્લામાં વિજેતા હરદિપસિંહ જાડેજા, વૈભવ જોગ, મંથન ગોર, રાજીન્દરસિંગ આનંદ, રવીન્દ્રરસિંગ આનંદ, કુંદન સકસેના, દિવ્યાંગ પાઠક, પ્રીતિ રાઠોડ, દિલપ્રિત કૌર, ઝીલ મોદી, નીલ સોનેની, વ્યોમ શાહ, વિહાર મોદી, સાર્ડન ડાગર અને મૌકશ્યા પતી આગામી સ્પર્ધામાં ભાગ લેશે. એમ એસોસિએશનના સેક્રેટરી ગુરુબક્ષસિંગ આનંદે જણાવ્યું છે.

ગુજરાતમાં આયુર્વેદ કોલેજોની બેઠકોમાં સતત ઘટાડો થયો છે

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં મેડીકલ અને એન્જિનીયરીંગ કોર્ષોની બેઠકમાં ઉતરો ઉત્તર વધારો થઈ રહ્યો છે ત્યારે ભારતની પરંપરાગત સંસ્કૃતિ એવી આયુર્વેદ અભ્યાસક્રમોની કોલેજોની બેઠકોમાં ઉતરો ઉત્તર ઘટાડો નોંધાઈ રહ્યો છે. એટલું જ નહીં આયુર્વેદ કોલેજો તરફ સરકારના દુર્લક્ષ અને કથળતા વહીવટી તંત્રથી આયુર્વેદમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ભારે સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા દશ વર્ષથી આયુર્વેદ કોલેજોમાં પ્રધ્યાપકોની ભરતી કરવામાં ન આવી હોવાથી વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પણ પૂર્ણ થતો નથી. ત્યારે રાજ્ય સરકાર આયુર્વેદની બેઠકો ઘટાડી આયુર્વેદના અભ્યાસક્રમને બંધ કરવા માંગણી હોવાની ફરીયાદો ઉઠી છે. પ્રામ થથી માહિતી મુજબ વર્તમાન સમયમાં દુનિયામાં આયુર્વેદની માંગ વધતી જાય છે.

વિકાસ પ્રત્યે આયુર્વેદના કોલેજોના વિકાસ પ્રત્યે સરકાર દુર્લક્ષ સેવતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. આયુર્વેદ કોલેજોનાં વહીવટી અક્ષમતાને કારણે રાજ્યની કેટલીક આયુર્વેદીક કોલેજોમાં પ્રવેશની કાર્યવાહી જ કરવામાં આવી નથી. જ્યારે અમદાવાદમાં પણ આયુર્વેદ કોલેજમાં અનુસ્નાતક કેન્દ્રમાં બે વર્ષથી બે વિભાગ બંધ થઈ ગયા છે. રાજ્યમાં કુલ ૧૧ આયુર્વેદીક કોલેજો આવેલી હતી. જેમાંથી બે આયુર્વેદીક કોલેજોને તાળા મારી દેવામાં આવ્યા છે. તો ત્રણ આયુર્વેદીક કોલેજો બંધ થવાની અણી ઉપર છે. એટલું જ નહીં બાકીની આયુર્વેદીક કોલેજોનાં વિવિધ અભ્યાસક્રમો માં પણ બેઠકોની સંખ્યા દર વર્ષે ઘટાડવામાં આવી રહી છે. ત્યારે જામનગર સ્થિત આયુર્વેદીક યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની બેઠકોમાં પણ ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. ગુજરાત આયુર્વેદીક યુનિવર્સિટીની સ્નાતકોતર પ્રવેશ પરીક્ષામાં દર વર્ષે દેશભરમાંથી ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. જેમાંથી ગત વર્ષે માત્ર ૪૦ બેઠકો પર જ પ્રવેશ ફળવાયો હતો. જેમાં માત્ર ૧૮ બેઠકો ઉપર જ ગુજરાતી વિદ્યાર્થીઓને ફળવાઈ હતી. જ્યારે ૨૨ બેઠકો અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને ફાળવવામાં આવી હતી. રાજ્યમાં આયુર્વેદ અભ્યાસક્રમની બેઠકોના અભાવે વિદ્યાર્થીઓએ બહારના રાજ્યોમાં એડમિશન મેળવવા લાખો રૂપિયા ખર્ચવા પડે છે. ત્યારે રાજ્યની મોટાભાગની આયુર્વેદીક કોલેજોમાં એક યા બીજા કારણોસર રાજ્ય સરકાર દ્વારા અધ્યાપકોની નિમણુંક જ કરવામાં આવતી નથી. અમુક કોલેજોમાં તે વર્ગ-૪નાં કર્મચારીઓ કરતા પણ ઓછા પગારે કામચલાઉ અધ્યાપકોની ભરતી કરવામાં આવે છે. ત્યારે આયુર્વેદમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર યોગ્ય પગલા લે તેવી વિદ્યાર્થીઓની માંગ ઉઠવા પામી છે.

એક નાનકડી ભૂલ... અને ભુવાજીએ માતાજીના નામે એક ગરીબ દંપત્તિનો ૧૧ લાખ રૂપિયા દંડ કર્યો...

એક સત્ય ઘટના

કોઇ પણ સમસ્યાનો વ્યવહારિક, સામાજિક, વૈજ્ઞાનિક કે મેડિકલ ઉકેલ ન મળે તો લોકો અંધશ્રદ્ધા તરફ વળે છે. શ્રદ્ધાથી માનવીને બળ મળે છે. જયારે અંધશ્રદ્ધામાં તે સરેઆમ લુંટાય છે અને છતાં લોકો હરખથી ધર્મના નામે લુંટાય છે આજે અંધશ્રદ્ધામાં અટવાયેલા એવાં જ એક ગામની છે. ભૂવો છે નદીપારના વિસ્તારનો... પ્રસંગના પાત્રો કાલ્પનિક છે...

ભરતભાઇ અને ભારતીબેનને લગ્ન કર્યે છ વર્ષ વિદ્યા પણ ઘરે પારણું નથી બંધાયું. ડોકટરી તપાસ કરાવતાં શરમ આવી એટલે મન દોરાધાગામાં પરોવ્યું. અનેક બાધા - આખડી રાખી, હોમ હવન કરાવ્યા પર શેર માટીની ખોટ ન પુરાઇ. આ દંપતિની મૂંઝવણનો પાર ન રહ્યો. ત્યાં કોઇએ સલાહ આપી કે નદીપારના એક ગામમાં ઇશ્વર ભૂવો (કાલ્પનિક નામ) માતાજીનો પરમ ઉપાસક છે. ગમે તેવા અઘરા કામ ચપટી વગાડતાં ઉકેલી નાખે છે અને ભરતભાઇએ ભુવાજીની મુલાકાત લીધી. ભુવાજીએ બાધા આપી કે આજથી ત્રણ માસમાં તને સારા સમાચાર મળશે અને આવતાં શ્રાવણ માસ સુધીમાં તારા ઘેર પારણું બંધાશે. આ મારી માતાનું વરદાન છે... ભરતભાઇને ભારતીબેન ગળગળા થઇ ગયા. અને બે જ માસમાં તેમની શ્રદ્ધા ફળી, ભારતીબેનને દિવસો રહ્યા... અને શ્રાવણ મહિનો આવતા પહેલાં તેમના ઘરે પુત્રનો જન્મ થયો. પરિવારમાં ખુશાલી વ્યાપી, આખા ફળીયામાં પેંડા વહેંચાયા... માતાજીનો જયજયકાર થયો... સવા મહિને આ દંપત્તિ બાળકને લઇ ભુવાજીના આશીર્વાદ લેવા ગયા. ભુવાજીએ કહ્યું, મારી માતાનું વરદાન ફળ્યું છે તેની ખુશાળીમાં માતાની જાતર કરાવવી પડશે. આ જાતરમાં હું આવીશ. તારા સમગ્ર પરિવારે અને સગાંહવાલાએ વાજતે ગાજતે મારૂં સામૈયું કરવું પડશે. રાત્રે જાતરમાં બરાબર એકના ટકોરે સૌની હાજરીમાં રૂા. ૫૧૦૦૦/- ની ભેટ મારા ચરણોમાં મુકી તારે મારો જયજયકાર કરવો પડશે. ભરતભાઇએ ખુશીથી આ દરખાસ્તનો સ્વીકાર કર્યો. સગાવહાલાંને ભેગા કરી ખુબ ભક્તિભાવથી જાતરનું આયોજન કર્યું. ઇશ્વર ભુવાનું બેન્ડવાજા સાથે વાજતે ગાજતે સામૈયું કર્યું. રાત્રે જાતરમાં ધુણવાનો બરાબર માહોલ જામ્યો હતો. જે ભુવા ધુણે તેમને કવર અપાતા. છેલ્લે ઇશ્વર ભુવાનો વારો આવ્યો. ભરતભાઇએ તેમને પણ કવરમાં રૂા. ૫૧૦૦૦/- ની ભેટ આપી. પણ ભૂલ એટલી થઇ કે ભરતભાઇએ આ ભેટની રકમ જાહેર ન કરી, ભુવાનો જયજયકાર ન કર્યો અને ભુવાજીની કમાન છટકી... સવારે જતાં તેમણે ભરતભાઇને કહ્યું, ભરત, તે મારી માતાનું વેણ તોડ્યું છે. તારે દંડ ભરવો પડશે. ભરતભાઇને કંપારી છૂટી, ગળગળા થઇને ભુવાને કરગરવા લાગ્યા, માડી, મારી ભૂલ થઇ મને માફ કરો. પણ ભુવાજીનો રોષ ઉતર્યો નહીં, તે મોટો ગુનો કર્યો છે અને મારી માતાના દંડ પેટે રૂા. ૧૧ લાખ આપવા પડશે. આ દંડ જો તું નહી ભરે તો તારા દીકરાનું શુ ંથાય તે હું કહી શકું નહીં. આમા કોઇ મીનમેખ થશે નહીં. મારી માતાનું વેણ તુટ્યું છે... ભરતભાઇનો પરિવાર ગભરાયો અને ભુવાજીના પગમાં પડી બે હાથ જોડી વિનંતી કરી. મારી ભૂલ થઇ હું ગમે તેમ કરીને દંડ ભરીશ પણ મારા દીકરાને હેમખેમ રાખજો... ભુવાજી 'તથાસ્તુ' કહી રવાના થયા...

ભરતભાઇ અને ભારતીબેનને દીકરાની ચિંતા સતાવવા લાગી અને તેઓ રૂા. ૧૧ લાખ ભેગા કરવાની વેતરણ કરવા લાગ્યા. તેમણે દાગીના વેચ્યા, અમુક રકમ સગાવહાલાં પાસેથી ઉછીની લીધી, કેટલીક જગ્યાએથી વ્યાજે પૈસા લાવી ગમે તેમ કરી રૂા. ૧૧ લાખ ભેગા કર્યા. તેમના સગા વહાલાએ સલાહ આપી કે પોલીસને જાણ કરી ભૂવાને પકડાવી દઇએ. પણ ભરતભાઇએ દીકરાની ચિંતા હતી... તેમના કેટલા હિતેચ્છુઓએ બીજા ભુવા પણ વિચારમાં પડી ગયા. કોઇકે ઇશ્વર ભુવાને સમજાવવાનું બીડું ઝડપ્યું... તેમણે ઇશ્વર ભુવાના ગુરૂનો સંપર્ક કરવો. સઘળી વાત કરી. ભરતભાઇ સામાન્ય પરિવારમાં છે. બિચારા દેવાદાર થઇ જશે. ગમે તે કરો, કોઇ રસ્તો કાઢો, ગુરૂજીના રામ જાગ્યા. તેમણે ઇશ્વર ભુવાને સમજાવ્યા કે માતાની રજા લઇ દંડમાં કંઇક ઓછું કરો. ઇશ્વર ભુવાએ રસ્તો બતાવ્યો. મારી માતાના પારે (ચરણે) તેણે ૧૧ લાખનો મુકવા જ પડશે, પણ પછી તેમાંથી સવા લાખ દંડ પેટે લઇ બાકીની રકમ હું ભરતને પાછી આપીશ. સૌએ કમને પણ આ શરત સ્વીકારી અને ભુવાજીએ માતાજીના નામે એક ગરીબ શ્રદ્ધાળુનું સવા લાખનું કરી નાખ્યું.

સમાજ ચિંતન
પોપટલાલ પ્રજાપતિ

ગુજરાતનાં ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ ભુવાઓનો દબદબો છે કારણ કે લોકોમાં અજ્ઞાનતા ભારોભાર છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના પ્રત્યેક ગામડા ડાકલાના તાલમાં ધુણે છે. જાળવા મળ્યું છે કે હવે તો ભુવાઓ ધુણવામાં ચાર્જ લે છે. ધુણવાની વીડિયો ઉતારે છે. તેનું લાઇવ ટેલિકાસ્ટ પણ કરાય છે. ડાકલા સાથે ગવાતા ગીતને 'રેડી' કહે છે. આ 'રેડી'ની કેસેટો જયાં ત્યાં વાગતી સંભળવા મળે છે. કેટલાક ભુવાઓ હવે તો પોતાની ઓરકેસ્ટ્રા સાથે ધુણવા જાય છે. એક નાઇટના ૨૫ થી ૩૦ હજાર ચાર્જ લેવાય છે. કેટલાક ભુવાઓ એક રાતમાં ત્રણ અને ચાર જગ્યાએ ધુણવા જાય છે, દરેક જગ્યાએથી ચાર્જ વસુલ કરે છે. ભુવાએ ધુણવા માટે ફક્ત દાણા નાખવાની કરામત શીખી લેવી પડે છે. વેણ - વધાવાની માયાજાળ ઊભી કરતા આવડે તે સફળ ભુવો ગણાય છે. તેના ભાવ બોલાય છે. 'જાતર'માં ઇન્ટરેસ્ટ ન હોય તેમણે પણ પ્રત્યેક ભુવાની વેણ - વધાવાની અલગ અલગ સ્ટાઇલનો અભ્યાસ કરવા જેવો હોય છે. માતાજીના નામે ભોળા માનવીઓને ભરમાવાનું ક્યાં સુધી ચાલશે? જે કરામતો મદારીઓ કે જાદુગરો કરે તેવી કરામત ભુવો કરે તેને ચમત્કાર કહેવાય છે અને આવા ચમત્કાર કરી ભુવાઓ તેમનો કારોબાર ચલાવે છે.

૨.૨૩ લાખ પ્રાથમિક શિક્ષકને ઓળખપત્ર આપવાની તૈયારી

અમદાવાદ, તા.૧૪

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ પણ હવે એક પ્રોફેશનલ કંપનીની જેમ પોતાના તમામ શિક્ષકોની ઓળખ દરેક શિક્ષકને ઓળખકાર્ડ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યનાં દરેક પ્રાથમિક શિક્ષકોને દર મહિને પગાર સ્લીપ પણ આપવાનો નિર્ણય કર્યા છે. જેનાથી શિક્ષકો વિવિધ સરકારી યોજનાઓ કે બેંકોમાં પગાર સ્લીપને પોતાની આવકના પુરાવા તરીકે રજુ કરી શકે. પ્રામ થતી માહિતી મુજબ રાજ્યના પ્રાથમિક શિક્ષકોમાં એક ઓળખ આપવાનો નિર્ણય રાજ્ય પ્રાથમિક સંઘ દ્વારા કરવામાં આવ્યો છે. જેનાં ભાગરૂપે રાજ્યનાં ૨.૨૩ લાખ પ્રાથમિક શિક્ષકોને ઓળખકાર્ડ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત દરેક પ્રાથમિક શિક્ષકને દર મહિને પગાર સ્લીપ પણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ ચંદુભાઈ જોષીએ જણાવ્યું હતું કે રાજ્યના ૨.૨૩ લાખ શિક્ષકોને ઓળખકાર્ડ આપવામાં આવશે. ઓળખકાર્ડ આપવાની પ્રક્રિયા આગામી શૈક્ષણિક સત્રથી જિલ્લા દીઠ તબક્કાવાર શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત આગામી શૈક્ષણિક સત્રથી રાજ્યના દરેક પ્રાથમિક શિક્ષકને દર મહિને પગાર સ્લીપ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૨.૨૩ લાખ પ્રાથમિક શિક્ષકો સરકારી શાળાઓમાં ફર બજાવે છે જોકે આ તમામ શિક્ષકોને પોતાની આગવી ઓળખ માટે કોઈ આઈડન્ટી કાર્ડ ન હોવાથી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. આ ઉપરાંત પગાર સ્લીપ ન મળતી હોવાથી વિવિધ સરકારી યોજનાઓના લાભ લેવા કે બેંકોમાંથી લોન લેવા માટે આવકના પુરાવા મેળવવા માટે તેમને મામલતદાર કચેરીના ધક્કા ખાવા પડતા હતા. ત્યારે હવે રાજ્ય પ્રાથમિક સંઘે પ્રાથમિક શિક્ષકોની આ સમસ્યાઓને દૂર કરવાનો નિર્ણય કરી લીધો છે.

આગોતરૂ આયોજન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા પણ પાનખરમાં પડતા પાંદડાઓના ઝડપી નિકાલ માટે તેમજ જે વન વિભાગની હદમાં ખાડા કરી રખાયા છે તે પૂરી દેવા જણાવ્યું હતું. આજની આ સંકલનની બેઠકમાં ગેરકાયદે વધતા જતા દબાણો અંગે પણ અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે તેમણે સૂચનાઓ આપી હતી.

ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થતો હોવાથી ઉભી થતી રોગચાળાની સ્થિતિને ઉગતી જ ડામવા માટે આજે આ ખાસ સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી.

રામધૂન બોલાવી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહીશોએ પાણીની પોકારને નાથવા બિલ્ડરોને રજૂઆત કરી હતી. આમ છતાં બે દિવસની રજુઆતના અંતે પણ પરિણામ ન આવતાં ગઈકાલે રાત્રીના આ વિસ્તારની સોસાયટીના ૧૦૦ જેટલા રહીશોએ બિલ્ડરોના ઘરે ધામા નાંખ્યા હતા. રાત્રીના સમયે શહેરના સેક્ટરોમાં સ્થિત બિલ્ડરોના ઘરઆંગણે રામધૂન બોલાવી હતી. આખરે આ મામલે પોલીસને જાણ થતા દરમિયાનગીરીના અંતે મામલો થાળે પડ્યો હતો. રહીશોના જણાવ્યા મુજબ સોસાયટીનો વહીવટ બિલ્ડરોના હાથમાં છે. રહીશોને પાણી મળતુ નથી. ગટરનું દુષિત પાણી ઉભરાય છે. જ્યારે પાર્કીંગ પ્લેસને પણ તાળા વાગેલા છે. આ વિસ્તારમાં રસ્તા અને બગીચાની પણ સુવિધા નથી. એટલું જ નહી પરંતુ બાંકડાને બી.યુ. પરમીશન મળ્યું છે કે નહી તે બાબતે પણ પ્રશ્નાર્થ છે.

ઝાડા-ઉલ્ટીના ૫૦કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેવાલ મળ્યા બાદ ચોક્કસ કારણ સામે આવશે તેમ મનાઈ રહ્યું છે. ઝાડા-ઉલ્ટીને કારણે એક મહિલા ઉ.વ. ૨૬નું તથા ૧૬ મહિનાનું એક બાળક મૃત્યુ પામ્યું છે. તબીબોએ આ બન્ને મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. આ બનાવની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય તેમજ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. દાનિશ મલેકે આરોગ્યની ટીમો સાથે દહેગામ દોડી ગયા હતા.

દહેગામ ખાતે આ બનાવમાં કેસોની સં